# મેઘરજના યુવાને અંગદાન, મહાદાનનું આયોજન કરી ૧૬ જેટલા વ્યક્તિઓની જીંદગી બચાવી

## અરવલ્લી જિલ્લામાં પ્રસંશનીય પહેલ દ્વારા ઉમદા ઉદાહરણ

મેઘરજ, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મેઘરજના રહીશે મુંબઈ સ્થિત નર્મદા કિડની ફાઉન્ડેશનમાં ગુજરાત સહિત જુદા જુદા રાજ્યોના અંગદાન મહાદાનનો આયોજન કરી મૃત્યુ પછી ૧૬ જેટલા વ્યક્તિઓની જીંદગી બચાવી એક માનવતાનો ઉમદુ ઉદાહરણ પુરૂ પાડી સમગ્ર મેઘરજ, અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાનું ગૌરવ વધારેલ છે.

વિગત એવી છે કે આધુનિક અવશધિ વિજ્ઞાન અને શલ્પ ચિકિત્સાના સંશોધનોએ માનવીના અંગોનું જરૂરીયાતમંદ વ્યક્તિઓને પ્રત્યારોપણ કરીને નવજીવન આપવાના પ્રયોગો સફળ બન્યા છે. અરવલ્લી જિલ્લાના મેઘરજના વતની અને મુંબઈ સ્થિત થયેલા રજનીભાઈ ઘુવાડ નર્મદા કિડની ફાઉન્ડેશન ૧૯૯૩ના વર્ષથી મહાઅભિયાન ચલાવે છે. રજનીભાઈ ઘુવાડના જણાવ્યા મુજબ નર્મદા કિડની ફાઉન્ડેશન દ્વારા અંગદાન અંગે જાગતિ માટે ૨૦૦૦થી વધુ માર્ગદર્શન ગોષ્ઠિઓ યોજીને દેહદાન, અંગદાન અને ખાસ કરીને કિડની ચક્ષુઓના દાન માટે પ્રચાર પ્રસાર કરી રહ્યા છે.

મેડીકલ વિજ્ઞાન મુજબ મગજથી મૃત્યુ પામેલ દર્દીની પુનઃ જીવનની કોઈ શક્યતા ન હોઈ અને નજીકના ટુંકા દિવસોમાં પણ મૃત્યુ થવાનું હોઈ તેવા દર્દીનું દેહદાન અને અંગદાન પરિવારની સંમતિથી લઈ શકાય છે. જો તેના બધા અંગો સ્વસ્થ હોઈ તો ૧૬ જેટલા કિડની ચક્ષુ લીવર, હાડકાં, સ્વાદુપિંડ વગેરેનો પ્રત્યારોપણ જરૂરીયાતવાળા અન્ય દર્દીને અકસ્માતમાં ભોગ બનેલા દાનમાં મળેલ છે તો આવા જુદા જુદા ૧૬ દર્દીઓને નવજીવન મળેલ છે. જે દર્દીના પરિવારો માટે આશીર્વાદરૂપ બને છે. ઘુવાડના જણાવ્યા અનુસાર જે દર્દીના પરિવારો માટે મૃતકના પરિવારજનોને અંગદાન, દેહદાન એટલે કે મહાદાન કર્યાનો સંતોષ મળેલ છે.

વાર્ષિક ૫૦થી ૬૦ જેટલા કેમ્પો કરવામાં આવે છે. અને આ નર્મદા કિડની ફાઉન્ડેશન ૪૫ થી ૫૦ ટકા રાહત દરે દવાઓ પણ આપે છે. ઘુવાડના જણાવ્યા અનુસાર આ ફાઉન્ડેશને મુંબઈના ૨૭ પોલીસ જોનમાં અંગદાન, મહાદાનનો આયોજન કરી ૧૬ વ્યક્તિઓની જીંદગી બચાવી હતી. ઘુવાડના જણાવ્યા અનુસાર નર્મદા કિડની ફાઉન્ડેશન મુંબઈ દ્વારા જનતાને સેમીનાર વાર્તાલાભ ગોઠવીને માર્ગદર્શન આપવામાં આવે છે. આવા કેમ્પો પછાત આદિવાસી વિસ્તાર એવા અરવલ્લી જિલ્લાના મેઘરજ સહિતના તેમજ સાબરકાંઠા જિલ્લાના ઉંડાણવાળા વિસ્તારોમાં પણ આ અંગદાન, મહાદાનના ઉંડાણપૂર્વક સમજ આપવા સેમીનારો ગોઠવવા પણ તૈયારીઓ બતાવી છે.



### આદિવાસી ડુંગરી ગરાસીયા જનરલ પંચ સુધારેલ બંધારણનું વિમોચન

આદિવાસી ડુંગરી ગરાસીયા જનરલ પંચ ધ્વારા સુધારેલ બંધારણનું વિમોચન ભિલોડા-મેઘરજ વિધાનસભા મતવિસ્તાર ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારાના વરદ્ હસ્તે કરાયું હતું. આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજ પ્રમુખ ધુળજીભાઈ ગામેતી,મહામંત્રી બાબુભાઈ ખાણમા,નિવૃત કલેક્ટર સી.એમ.બલાત, સમુહલગ્નોત્સવ સમિતી પ્રમુખ આર.કે.બલાત, સુરજીભાઈ નિનામા, એન.ડી.જોષીયારા, ટી.કે.પાંડોર, બાબુભાઈ ખરાડી, કાંતીભાઈ કલાસવા, આર.એન.ડેડુન, માધુભાઈ બરંડા, ડૉ.રાજનભાઈ ભગોરા, નિવૃત ડી.એફ.ઓ. ડી. જે. ડામોર સહિત સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.


# પ્રાંતિજમાં એલીઈડી સળગવાનો સીલસીલો યથાવત

## એલીઇડી સળગતા આજુબાજુના રહીશોના જીવ ટોરલે બંધાયા : એલઈડી લગાયા પછી દિવસ દરમ્યાન ફરીયાદો વધી પણ પાલિકા વિજ તંત્ર નિદ્રાધીન

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લા કેટલાય દિવસો થી એલીઈડી લાઈટોને લઈને કકળાટ જોવા મળી રહ્યો છે ને બીજી બાજુ લગાવાયેલી એલીઈડી લાઈટો રાત્રીના સમયે અચાનક એક પછી એક વોર્ડમાં સળગવાના કિસ્સાઓ બનતા પાસે રહેતા મકાન માલિકોના જીવ ટોરલે બંધાયા છે અને લગાવવામાં આવેલ એલીઈડી લાઈટોને લઈને વિવિધ ચર્ચાઓએ જોર પકડયું છે.

પ્રાંતિજ ખાતે લગાવવામાં આવેલ એલીઈડી લાઈટોને લઈને પહેલાં દિવસથી પ્રકાશ ઓછુ પડવાની તથા બે પાંજરા હોય ત્યાં એક માત્ર ૧૮ વોલ્ટની એલઇડી લાઈટ લગાવવામાં આવતા એલીઈડી લાઈટોને લઈને પ્રાંતિજમા વિવિધ ચર્ચાઓએ જોર પકડયું છે ત્યારે બીજી બીજુ પહેલા કરતા પ્રકાશ ઓછો પડતો હોવાની કેટલાંય વિસ્તારોમાં અંધકાર મંય બન્યો છે તો બીજીબાજુ જાગરૂત કોર્પોરેટરો દ્વારા જોડે ઉભા રહીને પોતાના વોર્ડ વિતસ્તારોના લોકોની ફરીયાદ સાંભળી ઓછો પ્રકાશ પડતો હતો



અને જયાં ૧૮ વોલ્ટની એલીઈડી લગાવેલ હતી એ જગ્યાએ ૩૫ની એલીઈડી લાઈટ લગાવવામાં આવતાં અંધકાર દૂર થયો છે. તો બીજીબાજુ હજુએ એલીઈડી લગાવ્યા પછી પણ આજદિન સુધી ચાલુ ના થતાં અંધકાર છવાયો છે ત્યારે કેટલીક જગ્યાએ એલીઈડી લાઈટો ડાયરેક વિજકંપનીમા આપવામાં આવતાં ચોવીસ કલાક લાઈટ ચાલું રહે છે અને હજુ પણ વિજકંપની ઉંઘમાં છે ત્યારે ટાયમર ના મારવામાં આવતા લાઈટો દિવસે પણ ચાલું રહે છે ત્યારે બીજીબાજુ નવીન લગાવેલી એલીઈડીઓ રાત્રીના સમયે લાઈટ ચાલુ થતા એકદમ સળગી ઉઠે છે અને પહેલા વ્હોરવાડ અને પછી લાલ દરવાજા પાસે એલીઈડી સળગતા પાસે આવેલ રહેતા મકાન માલિકોના જીવ ટોરલે બંધાયા હતાં ત્યારે એક બાજુ વેકેશન અને કાળજાળ ગરમી હોવાથી રાત્રીના સમયે બાળકો સ્ટ્રીટ લાઈટના એલીઈડી પોલ પાસે જ રમતા અને બેઠેલા હોય છે. ત્યારે બીજીબાજુ હજુ કેટલીય એલીઈડીઓ બંધ રહેતાં બીલ તો ઓછું આવશે પણ બંધ એલીઈડીને લઈને રહીશો તથા દુકાન માલિકોની નિંદ્રા હરામ થઈ ગઇ છે. અને રાત્રીના ચોરીના બનાવોને લઈને ચિંતામા મુકાયા છે. અને અંધેરા કાયમ રહોની સ્થિતિ પેદા થઈ છે ત્યારે નગરપાલિકામાં સ્થાનિક રહિશોએ રજૂઆત કરવા છતા સ્ટ્રીટ લાઈટ એલીઈડી નોર્ડલ અધિકારી ઓફીસ છોડીને રહીશોની કંપ્લેન માટે માણસ મોકલવા કે કોઈ ડોકયુ કરવા એ ના જતાં રહીશોમાં રોષ જોવાં મલ્યો છે અને આડેધડ એલીઈડી લાઈટો લગાવવામાં આવતાં હાલ તો પ્રકાશ ઉપર નીચે આડો અવળો પડે છે ત્યારે શું કંપ્લેનો કરવા છતા શોલ ના થતાં હજુ કયાં સુધી રહીશોને રાત્રીના સમયે અંધકારનો સામનો કરવો પડશે એ તો હવે જોવાનું રહ્યું.

### ભિલોડા લિંબચ યુવા સંગઠન કારોબારીની નિમણુંક

ભિલોડા, તા.૨૮

ભિલોડા લિંબચ યુવા સંગઠન કારોબારીની નિમણુંક કરાઈ હતી.ભિલોડા તાલુકા લિંબચ યુવા સંગઠનની સામાન્ય સભા શિવમ કુમાર છાત્રાલયમાં યોજાઈ હતી. લિંબચ સમાજના યુવકોએ સંગઠન સંદર્ભે ચર્ચા-વિચારણા કરી સંગઠનને વધુ મજબુત કરવા હાકલ કરાઈ હતી. ભિલોડા તાલુકા લિંબચ યુવા સંગઠનના હોદ્દેદારો,કાર્યકરોની નિમણુંક કરાઈ હતી. પ્રમુખ મિતેશ કે.લિંબચીયા, ઉપપ્રમુખ જયેશ કે. લિંબચીયા, મંત્રી ધવલ જે. લિંબચીયા, સહમંત્રી હિતેશ આર. લિંબચીયા, ખજાનચી અક્ષય એમ. લિંબચીયા, સલાહકાર કેતન એ. લિંબચીયા, અરવલ્લી જીલ્લા લિંબચ સમાજ પ્રમુખ બાબુભાઈ ટી.નાયી, બારેશી લિંબચ સમાજ મંત્રી પ્રભુદાસ સી. નાયીએ નવયુવાનોને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.






### વડગામના છાપીમાં અચાનક અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની રેડ

વડગામના છાપીમાં અચાનક અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની શરબતના પીણાં બનાવતી કંપનીમાં રેડ થતા અન્ય કંપનીઓમાં પણ ખળ ભરાટનો માહોલ સર્જ્યો હતો. બનાસકાંઠાના વડગામના છાપીમાં રોયલ અને રિયલ નામના શરબત બનાવી વેચાણ કરતી કંપની ઓ સામે કોપી રાઈટનો કેસ થતા આજે છાપીમાં ક્રાઈમ બ્રાન્ચની રેડ થઈ હતી જેના પગલે ૪ લાખ ૪૧ હજારનો મુદામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી તેમજ આ મુદે વડગામના છાપી પોલીસમથકમાં ફરિયાદ નોંધાવાની પણ તજવીજ હાથ ધરાઈ છે.

# હિંમતનગર ખાતે ૩૦મીએ રાજ્યનું દિવાન/ફકીર સમાજનું સંમેલન

હિંમતનગર, તા. ૨૮

અન્ય સમાજોની સરખામણીમાં રાજ્ય સરકાર દ્વારા જે જાતિને અતિ પછાત જાતિ તરીકે સમાવવામાં આવી છે તે જાતિમાં થોડાક અંશે શિક્ષણનું પ્રમાણ વધે સમાજના બાળકોને ગ્રામ્ય કક્ષાએથી શહેરી વિસ્તારોમાં ભણવા માટે રહેવા તથા જમવા માટેની સુવિધાયુક્ત બોર્ડિંગોની સ્થાપના થાય તે હેતુસર સમાજના શિક્ષિત અને રાજકીય આગેવાનો દ્વારા સમાજના સહિયારા વિકાસના પ્રયત્નોના ભાગરૂપે સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે, સમાજના કુરીવાજો બંધ થાય અને સમાજમાં પણ અન્ય સમાજોની જેમ સમૂહલગ્નો યોજાય. રાજ્ય સરકારની અસંખ્ય યોજનાઓના લાભથી આ સમાજ વંચિત રહી જતો હોઈ સમાજના આગેવાનો દ્વારા આ લાભો જરૂરીયાતમંદોને કઈ રીતે પહોંચાડી શકાય, આરટીએ હેઠળ બાળકોને શાળામાં પ્રવેશ મળી શકે, શાળામાં ભણતા બાળકોને અભ્યાસ માટે સ્કોલરશીપ મળે અને વધુ અભ્યાસ માટે સરકારશ્રીની જે યોજનાઓ છે તે સમાજના બાળકો સુધી પહોંચે અને સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે, સમાજમાંદિની માહોલનો પણ ફેલાવો થાય અને સમાજ ખુદાની બંદગી તરફ વળે તેવા ઉમદા હેતુથી આગામી તા. ૩૦-૪-૧૭ને રવિવારના રોજ હિંમતનગર તાલુકાના સવગઢ ખાતે બપોરે ૨ થી સાંજે ૫ કલાક સુધી અખિલ ગુજરાત દિવાન વેલ્ફેર સોસાયટીના નેજા હેઠળ રાજ્યના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષણ, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિતના જિલ્લાઓમાંથી ખૂબજ મોટી સંખ્યામાં સમાજના આગેવાનો આ સંમેલનમાં હાજર રહી સમાજને યોગ્ય માર્ગદર્શન આપી સમાજને સંગઠીત કરી રાજ્ય સરકારમાં તેમજ જિલ્લા સ્થળે કલેક્ટરો સાથે સંવાદ કરી, મીટીંગો યોજી સમાજના પ્રશ્નોના કાયમી નિકાલ માટે અને સમાજને સરકારશ્રીના લાભો મળે તે માટે પ્રયત્નો કરશે, તેમ અખિલ ગુજરાત દિવાન વેલ્ફેર સોસાયટીના પ્રમુખ હુસેન દિવાને એક નિવેદનમાં જણાવ્યુ છે.

## પ્રાંતિજ ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા તાલિમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સર્જન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત જીવન કૌશલ્ય તાલીમ કેન્દ્ર તાલિમ પૂર્ણ થતાં તેવોને ઉપસ્થિત મહેમાનોના હસ્તે પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યાં હતા. જયારે આ પ્રસંગે રઈશભાઈ કસ્બાતી, સંસ્થાના



માર્ગ ખાતે તાલીમ પૂર્ણ કરતી ૧૦૪ મહિલાઓને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યો હતો.

પ્રાંતિજ બજારચોક લાલ દરવાજા પાસે આવેલ સર્જન ફાઉન્ડેશન સંચાલિત જવન કૌશલ્ય તાલીમ કેન્દ્ર "માર્ગ" ખાતે જન શિક્ષણ સંસ્થાન હિંમતનગરના સંયોગથી શિવણ વર્ગ અને બ્યુટીપાર્લરની ૧૦૪ બહેનો તાલિમાર્થીઓની ટ્રસ્ટી શરદભાઈ પરીખ, જનશિક્ષણ સંસ્થા ચેરમેન રાજેન્દ્રસિંહ રાઠોડ અને ડાયરેક્ટર ઓફિસર અહેમદભાઈ મનસુરી, સંસ્થાના પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર, યાસ્મીનબાનુ મારફતીયા, નેહાબેન ભટ્ટ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અશોકભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

### ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા શ્રમજીવીઓને છાશ વિતરણ

ભિલોડા,તા.૨૭

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા શ્રમજીવીઓને છાશ વિતરણ કરાતાં આનંદની લાગણી પ્રસરી હતી.ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા તાલુકા પંચાયત ધ્વારા ચાલતા મનરેગા યોજના અંતર્ગત જાબ ચિતરીયા, જાબુંડી, સરકી લીંબડી સહિત વિવિધ ગામડાઓમાં અને તાલુકા કક્ષાએ ચાલતા વિવિધ રોજગારી કાર્યક્રમ હેઠળ ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમીમાં શ્રમજીવીઓને છાશ વિતરણ કરાયું હતું. આગામી સમયમાં છાશ વિતરણનો કાર્યક્રમ અવિરત પણે ચાલું રહેશે તેમ જણાવ્યું હતું. ભારત વિકાસ પરીષદ, ભિલોડા શાખા પ્રમુખ જગદીશભાઈ પટેલ, મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ, હર્ષદભાઈ સોની, શૈલેષભાઈ પટેલ, નરેશભાઈ પંચાલ, મુકેશભાઈ પંચાલ, કલ્યાણસિંહ પરમાર, જગદીશભાઈ રાઠોડ, ભાવેશભાઈ પંચાલ સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડા જિલ્લાની છ બેઠકો જીતવાનો ભાજપનો નિર્ધાર : શબ્દશરણભાઈ

ખેડા, તા. ૨૮

આ દેશની જનતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની કામગીરી પર જે વિશ્વાસ મુકી રહી છે તેમનું તે કામ જોઈને ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ ગુજરાત પ્રદેશ મહામંત્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટે આજે નડિયાદમાં મળેલી ખેડા ભાજપની કારોબારી બેઠકમાં વ્યક્ત કર્યો હતો. આ બેઠકમાં તેમણે કાર્યકરોને જણાવ્યું હતું કે આગામી છ મહીનામાં બે તબક્કામાં વિસ્તારકોએ તેમનો સોંપેલા વિસ્તારમાં જઈને કામ કરવાનું રહેશે જેમાં અહીં બેઠેલા તમામ કાર્યકરોએ રાષ્ટ્રીય કારોબારીની બેઠક મળ્યા બાદ તુરંત જ પ્રદેશ અને તેના પછી એકાદ અઠવાડીયામાં જિલ્લા કારોબારી બેઠકો યોજાય છે. આ બેઠકોનો સમયગાળો ત્રણ માસનો છે





સહિતના રાજ્યોની ચૂંટણી તથા તાજેતરમાં દિલ્હી કોર્પોરેશનની ચૂંટણીમાં જે રીતે જવલંત વિજય ભાજપને મળ્યો છે તેવો જ વિજય ૨૦૧૭માં ગુજરાત ભાજપને મળવાનો છે. રાષ્ટ્રીય પ્રમુખ અમિતભાઈ શાહે ૧૫૦ બેઠક જીતવાનો જે સંકલ્પ દોહરાયો છે તેમાં ખેડા જિલ્લાની પણ તમામ ૬ બેઠકો ભાજપ કબજે કરશે તેવો દ્દઢ નિર્ધાર સંબોધતા જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશની જનતાએ નરેન્દ્રભાઈ મોદીના નોટબંધીના નિર્ણયનું સમર્થન કર્યુ છે જે પરિણામોમાં દેખાઈ આવ્યું છે. હાલ ભાજપનો સુવર્ણકાળ ચાલી રહ્યો છે તેમાં આપણે કાર્યકર તરીકે કામ કરી રહ્યા છે તે આપણા માટે ગૌરવની બાબત છે. વિસ્તારકોની કામગીરીને વધુ વિસ્તૃત બનાવવાની બાબત પર તેમણે ભાર મુકતા પણ સમયદાન આપવું પડશે. નડિયાદના ઈપ્કોવાળા હોલ ખાતે મળેલી જિલ્લા કારોબારી બેઠકમાં દિપ પ્રાગટ્ય કરતાં શિક્ષણમંત્રી અને પ્રભારી ભુપેન્દ્રસિંહજી ચુડાસમાએ જણાવ્યું હતું કે જ્યારથી ભાજપના રાષ્ટ્રીય પ્રમુખનું સુકાન અમિતભાઈ શાહે સંભાળ્યું છે ત્યારથી રાષ્ટ્રીય કારોબારીથી લઈને મંડલ સુધીની બેઠકો ખુબ જ નિયમીત બની છે. અને જેથી ખુબ જ નિયમીત રીતે તબક્કાવાર બેઠકો મળી રહી છે જેના કારણે કાર્યકરોમાં એક નવુ જોમ પેદા થયુ છે તેની અસર પક્ષને મળતા ચૂંટણી પરિણામો પર જોવા મળે છે. જિલ્લા પ્રભારી જયસિંહજી ચૌહાણે જણાવ્યું હતું કે આ વર્ષ પંડીત દિનદયાળ ઉપાધ્યાય જન્મજયંતિ વર્ષ તરીકે ઉજવાઈ રહ્યુ છે જેમાં ગરીબ કલ્યાણના કાર્યક્રમો સમાવિષ્ટ છે.

### ભદ્રેસર ગામની જીનાલી દેસાઈને પશુપાલન વિષયક શોધનિબંધ બદલ વિદ્યાવાચસ્પતિની ડિગ્રી

ઈડર તાલુકાના ભદ્રેસર ગામની હાલ ગાંધીનગરના જીનાલી દેસાઈએ 'મોટા ઉત્પાદકોનો પશુપાલન ક્ષેત્રે આર્થિક અભ્યાસ સાબર ડેરીના સંદર્ભમાં' એ વિષય પર પ્રિ. ડૉ. નટુભાઈ બી. પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ શોધ નિબંધને ગુજરાત યુનિ. તરફથી માન્યતા આપી તેઓ વિદ્યાવાચસ્પતિ (પીએચડી)ની ડિગ્રી એનાયત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે બબ્બે વિષયોમાં અનુસ્નાતકની પદવીઓ ઉચ્ચ ગુણ સાથે પ્રાપ્ત કરનાર જીનાલીના એમફીલના પુસ્તકનું વિમોચન પણ રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીના હસ્તે કરાયુ હતુ.





### પરશુરામ જન્મ જયંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત હિંમતનગર, મોડાસા, ઈડર, ખેડબ્રહ્મા સહિત વિવિધ વિસ્તારોમાં પરશુરામ જન્મ જયંતીની ભક્તિભાવ પુર્વક દબદબાભેર ઉજવણી યોજાઈ હતી. હિંમનગરમાં પરશુરામ ભગવાનની જન્મ જયંતી નિમિત્તે સમસ્ત બ્રહ્મ સમાજ, પરશુરામ યુવક મંડળ ધ્વારા હનુમાનજી મંદીર છાપરીયામાં પુજન વિધિનો કાર્યક્રમ યોજાયો હતો.



### મોડાસા બ્રહ્મસમાજ દ્વારા પરશુરામ જયંતીની ઉજવણી

મોડાસા બ્રહ્મસમાજ દ્વારા મોડાસા ખાતેના મારુતિ ચોકમા શુક્રવારે પરશુરામ જયંતિની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે અરવલ્લી જિલ્લા બ્રહ્મસમાજ પરશુરામ પૂજન તેમજ યજ્ઞનું આયોજન કરાયું હતું. આ યજ્ઞમા અરવલ્લી જિલ્લા બ્રહ્મસમાજના કન્વીનર નિલેશભાઈ જોશીના યજમાન પદે શાસ્ત્રી સચિનભાઈ મહારાજ તેમજ તેમની ટીમ દ્વારા વૈદિક મંત્રોથી યજ્ઞ કરાવાયો હતો. આ પ્રસંગે મોડાસા બ્રહ્મસમાજમાંથી સમાજના ઉપેન્દ્રભાઈ જોશી, પ્રશાંતભાઈ જોશી, ઉપેન્દ્રભાઈ ત્રિવેદી, યશવંતભાઈ વ્યાસ, મેહુલભાઈ જોશી, કિરણભાઈ ત્રિવેદી સહિત અગ્રણીઓ તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.